### વીજ કેબલની સ્ટેટ્યુબ અને બ્રેકેટ ટ્યુબને તોડી પાડતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો

# ગોધરા નજીક પંડ્યાપુરા પાસે ભગીરથ માઈન્સના બ્લાસ્ટિંગથી રેલ્વેની મુખ્ય વીજ લાઈન ધ્વસ્ત

**ઘટનાનો** વિડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થતાં હોબાળો મચ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.14
પંચમહાલ જિલ્લાના ગોધરા નજીક આવેલા ઉદલપુર પાસેના પંડ્યાપુરા ગામ નજીક એક ગંભીર ઘટના બની. જેમાં ભગીરથ માઈન્સમાં ચાલી રહેલા બ્લાસ્ટિંગને કારણે રેલ્વેની મુખ્ય ઓવર હેડ ઈલેક્ટ્રિક વીજ કેબલ લાઈનને મોટું નુકસાન થયું હતું. બ્લાસ્ટિંગથી ઉડી આવેલા પથ્થરના એક મોટા ભાગે વીજ કેબલની સ્ટેટ્યુબ અને બ્રેકેટ ટ્યુબને તોડી પાડતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ ઘટનાના પગલે રેલ્વે ટ્રેક પરથી પસાર થતી એક માલગાડી ટ્રેનને લોકોએ લાલ કપડાં વડે રોકી હતી જેના કારણે થોડા સમય માટે રેલ્વે પરિવહન પ્રભાવિત બન્યું હતું.

મળતી માહિતી મુજબ, વીજ લાઈન ક્ષતિગ્રસ્ત થવાની જાણ થતાં જ પંડ્યાપુરા ગામના સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક રેલ્વે લાઈન પર દોડી આવ્યા હતા. તેમણે લાલ કલરના કપડાંનો સંકેત આપીને માલગાડીને આગળ વધતી અટકાવી હતી. ગ્રામજનોની સમયસૂચકતા અને સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી હોવાનું માનવામાં આવે છે. આ સમગ્ર ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયો છે. જેમાં ગ્રામજનો ટ્રેન રોકવાનો પ્રયાસ કરતા સ્પષ્ટ દેખાય છે.ગ્રામજનોએ ભગીરથ માઈન્સ પર ગંભીર આક્ષેપો કર્યા છે કે માઈન્સ દ્વારા અવારનવાર સુરક્ષાના નિયમોનું પાલન કર્યા વિના બ્લાસ્ટિંગ કામગીરી કરવામાં આવે છે જેના કારણે આસપાસના ગામો અને રેલ્વે વ્યવહારને સતત જોખમ ઊભું થાય છે. આ ઘટનાએ સ્થાનિકોમાં ભારે રોષની લાગણી જન્માવી છે.ઘટનાની જાણ થતાં જ રેલ્વેના અધિકારીઓ અને ટેક્નિશિયનોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરી હતી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાની કે મોટું નુકસાન થયું નથી.



## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં યુવક મહોત્સવ 'સ્પંદન-૨૦૨૫'નો શુભારંભ કરાયો



**ગોધરા :** શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા આયોજિત વાર્ષિક યુવક મહોત્સવ 'સ્પંદન-2025' નો શુભારંભ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર હરિભાઈ કાતરીયાના અધ્યક્ષ સ્થાને દ કરવામાં આવ્યો. યુવા વિદ્યાર્થીઓમાં કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપતા આ મહોત્સવનો દીપ પ્રાગટ્ય દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો. આ શુભારંભ કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે ઇન્ડિયન આઇડલ-૧૩ના શિવમસિંહ, જાણીતા લોક કલાકાર ભાવેશ આહીર, મુની સેવા આશ્રમ ગોરજના આધુનિક સંત સમાન ડો. વિક્રમભાઈ, અને પ્રો. ડો. કિશોર વ્યાસ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોની હાજરીમાં સમગ્ર વાતાવરણ જુસ્સા અને ઉત્સાહથી છવાઈ ગયું હતું.

### ફતેપુરા તાલુકામાં સરસવાપૂર્વ ગામમાં આરોગ્ય સેવાઓ અંગે કાર્યક્રમ યોજાયો



**સુખસર :** દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના સરસ્વાપૂર્વ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિસ્તારમાં આવેલ સરસ્વાપૂર્વ ગામના મકવાણા ફળિયામાં વિકાસ સપ્તાહ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ "આઉટરીચ ઓપીડી" નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દર્દીઓને તેમની જગ્યાએ જ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો રહ્યો હતો. એટલે કે આરોગ્ય કેન્દ્ર સુધી નહિ પરંતુ આરોગ્યસેવા ગામલોકો સુધી પહોંચાડવી. આ દરમ્યાન આઉટરીચ ઓપીડીમાં વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ આપવામાં આવી હતી.જેમ કે,પ્રાથમિક સારવાર, દર્દીની દવાઓ સહિત તપાસ, જરૂરીયાત મુજબ રેફરલ સુવિધા, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હિમોગ્લોબિન, સિકલ સેલ, મેલેરિયા અને ટીબી જેવી રોગોની નિદાન સંભવ તપાસ કરવામાં આવી હતી. આ સેવા અંતર્ગત લગભગ 70 લાભાર્થીઓએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

### રાયસંગપુરા પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષિકાબેનનો વિદાય સમારંભ યોજાયો



**ગોધરા :** ગોધરા તાલુકાના મહેલોલ પે સેન્ટરની રાયસંગપુરા પ્રાથમિક શાળાના આચાર્ય દિગેશકુમાર વાડીલાલ દરજીનો તાજેતરમાં જ વયનિવૃત્તિ વિદાય સમારોહ ભારે દબદબાભેર સંપન્ન થયો. વિદાય સમારંભના પાર્ટ 1 માં રાયસીંગપુરા ગામે ગ્રામ પંચાયતના સરપંચ કમલેશભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને શાળાના નિવૃત્ત શિક્ષિકા બહેન હંસાબેન અંબાલાલ દરજી સહિત આચાર્ય દિગેશકુમાર વાડીલાલ દરજીનો ભવ્યથી ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગામના મોટી સંખ્યામાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. રાયસીંગપુરા ગ્રામજનોએ બંને શિક્ષક દંપતિને બગીમાં બેસાડી ગામમાં વરઘોડો કાઢી તેમને વિદાય આપી હતી.

### સિંગવડ તાલુકાના કોમ્યુનિટી હોલ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ- 2025 યોજાયો

# ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાયા

(પ્રતિનિધિ) સિંગવડ, તા.14
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાદાયી જન સેવા યાત્રાના 24 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાત ભરમાં તારીખ 7 થી 15 ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે.આ ઉજવણીમાં 14 ઓક્ટોબરના દિવસને કૃષિ વિકાસ દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો.તેમાં રાજ્યના ખેડૂતોને આગામી રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અને માર્ગદર્શન તેમજ ખાતાની વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર આજરોજ સિંગવડ



તાલુકાના કોમ્યુનિટી હોલ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ- 2025 યોજવામાં આવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ,ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના ઉદ્દેશ સાથે રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાના મળીને કુલ 261 સ્થળોએ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રવિ કૃષિ મહોત્સવ-2025 નું આયોજન કરવામાં આવ્યું હતું.તેમાં આજરોજ સિંગવડ તાલુકા ના કોમ્યુનિટી હોલ ખાતે કૃષિ તજજ્ઞોની ઉપસ્થિતિમાં અને વિશાળ સંખ્યામાં હાજર ખેડૂતોની હાજરીમાં દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખના કરણસિંહ ડામોર ની અધ્યક્ષ સ્થાને રવિ કૃષિ મહોત્સવ યોજાયો હતો. તેમાં કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. તેમ જ ખેડૂતો પોતાની ખેતીમાં જણાતી સમસ્યાનું નિવારણ લાવી ખેત ઉત્પાદન વધારી શકે તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ નવી ખેત પદ્ધતિઓથી ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# સુખસર કૃષિ શાળા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ યોજાયો

**ખેડૂતોને** પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ ,ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાયા



( પ્રતિનિધિ ) સુખસર,તા.14
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાદાયી જન સેવા યાત્રાના 24 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાત ભરમાં તારીખ 7 થી 15 ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે.આ ઉજવણીમાં 14 ઓક્ટોબરના દિવસને કૃષિ વિકાસ દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો.તેમાં રાજ્યના ખેડૂતોને આગામી રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અને માર્ગદર્શન તેમજ ખાતાની વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર આજરોજ સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસરના કૃષિ શાળા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત રવિ કૃષિ મહોત્સવ- 2025 યોજવામાં આવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ,ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના ઉદ્દેશ સાથે રાજ્યમાં જિલ્લા અને તાલુકા કક્ષાના મળીને કુલ 261 સ્થળોએ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રવિ કૃષિ મહોત્સવ-2025 નું આયોજન કરવામાં આવ્યું હતું.

# હાલોલની મધ્યમમાં આવેલા મુખ્ય તળાવમાંથી એક યુવકનો મૃતદેહ મળ્યો

**કેટલાય** દિવસોથી પરિવારજનો યુવકની શોધખોળ કરી રહ્યા હતા

(પ્રતિનિધિ) હાલોલ, તા.14
હાલોલ નગરની મધ્યમમાં આવેલા મુખ્ય તળાવમાંથી એક યુવકનો મૃતદેહ આજે મંગળવાર રોજ સવારે મળી આવતા નગરમાં ચકચાર મચી જવા પામી હતી.મૃતદેહને હાલોલ ફાયર ટીમની મદદ થી બહાર કાઢવામાં આવ્યો હતો.



મૃતકની ઓળખ હાલોલ ના સ્ટેશનરોડ વિસ્તારમાં રહેતા દિનેશ રણછોડભાઈ કેવાજી તરીકે થઈ છે. યુવક ડ્રાઈવર નું કામ કરતો હતો અને છેલ્લા ત્ર દિવસ થી ગુમ હોવાનું જાણવા મળ્યું છે પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા. ત્યારે આજે તળાવ માં મૃતદેહ મળી આવતા તે દિનેશ કેવાજી હોવાની ઓળખ તેમના પરિવારજનો દ્વારા કરવામાં આવી હતી.બનાવ અંગે હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ થતા પોલીસે પરિવારજનોની જાણવાજોગ નોંધી મૂર્તદેહ ને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાકૃતિક ખેત પદ્ધતિ અપનાવી બાગાયત ક્ષેત્રે અગ્રેસર બનેલા ખેડૂતોની મહેનતને બિરદાવી

ઝાલોદ એપીએમસી ખાતે રવિ-કૃષિ મહોત્સવનો થયો શુભારંભ

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.14
સમગ્ર ગુજરાતની સાથોસાથ દાહોદ જિલ્લામાં પણ તારીખ ૦૭ ઓકટોમ્બર થી ૧૫ ઓકટોમ્બર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં એપીએમસી ખાતે ઝાલોદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને રવિ-કૃષિ મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. સાથે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે



પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન તેમજ વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી હતી. આ પ્રસંગે ઝાલોદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન જ્યારે મુખ્યમંત્રી તરીકે ગુજરાતની ધુરા સંભાળતા હતા ત્યારે પણ ખેડૂતોની આવક વધે તેમજ ખેડૂતો વધુ સમૃદ્ધ બને તે ચિંતા સાથે તેમણે અનેક યોજનાઓ અમલી કરવા સાથે વર્ષ ૨૦૦૫-૦૯માં કૃષિ મહોત્સવની શરૂઆત કરી હતી. વડાપ્રધાનએ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ સહિતની યોજનાઓ થકી કિસાનોને આર્થિક મજબૂતી બક્ષી છે, જેનો લાભ આપણા દાહોદ જિલ્લાના આદિવાસી ખેડૂતો પણ લઈ રહ્યા છે.

# ગોધરા ખાતે રવિ કૃષિ મહોત્સવ-2025ની રાજ્યકક્ષાની ઉજવણી

(પ્રતિનિધિ) ગોધરા, તા.14
વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના ગોધરા નજીક છબનપુર ખાતે કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ-2025ની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૃષિ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને વિકાસના પંથે આગળ વધારવા માટે કૃષિ ક્ષેત્રના વિકાસ અર્થે સૌપ્રથમ કૃષિ મહોત્સવની શરૂઆત કરી હતી જેના પરિણામે રાજ્યનો કૃષિ વિકાસ દર 9.75 રહ્યો છે. તેમણે ઉમેર્યું કે ખેડૂતોને ઘરે બેઠા ઓનલાઈન અરજીની સુવિધા માટે આઈ-ખેડૂત પોર્ટલ શરૂ કરાયું છે. મંત્રીએ માહિતી આપી હતી કે છેલ્લા 10 વર્ષમાં 1 કરોડથી વધુ ખેડૂતોને



12 હજાર કરોડથી વધુની કુદરતી આપદા સહાય પૂરી પાડવામાં આવી છે, તેમજ ખેતી માટેની વીજળીના બિલમાં રાહત આપવા માટે બજેટમાં 10 હજાર કરોડથી વધુની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત, રાસાયણિક ખાતરોના ઉપયોગને નિયંત્રિત કરવા વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીના વ્યાપ પર ભાર મૂકવામાં આવ્યો છે, જેના ભાગરૂપે રાજ્યના 2.4 લાખ હેક્ટર વિસ્તારમાં 5.64 લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

### ઝાલોદ શિક્ષક સોસાયટીના ચેરમેન તરીકે ગણપત ડાંગી ચૂંટાયા



દાહોદ : ઝાલોદ શિક્ષક સોસાયટીના ચેરમેન પદ માટે શિક્ષક ભવન ખાતે બેલેટ પેપરથી યોજાયેલી ચૂંટણીમાં નવા ચેરમેન તરીકે ગણપત ડાંગી વિજેતા બન્યા હતા.ચેરમેન પદ માટેની આ ચૂંટણી ભારે રાજકીય માહોલ વચ્ચે યોજાઈ હતી. જેમાં કુલ ૨૧ કારોબારી પૈકી ગણપત ડાંગીને ૧૧ મત મળ્યા હતા.જ્યારે તેમના પ્રતિસ્પર્ધી કલ્પેશ અંડને ૧૦ મત મળતા તેઓ નજીવા અંતરથી હાર્યા હતા. ઉપરાંત વાઈસચેરમેન તરીકે મોહન સંગાડા વિજેતા થયા હતા.

### મંત્રી કુબેરભાઈ ડિંડોર અને જિલ્લા કલેક્ટર દાહોદ દ્વારા લીલી ઝંડી આપી

# દાહોદમાં "વિકાસ પદયાત્રા" અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ) દાહોદ, તા.14
ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૪ વર્ષમાં ગુજરાતના યુવાઓને સશક્ત બનાવવા અને તેમની બુદ્ધિપ્રતિભા અને ક્ષમતાઓને તક મળે તેવા વાતાવરણનું નિર્માણ કરવા અનેકવિધ પ્રયાસો કર્યા છે. વડાપ્રધાનના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતમાં તારીખ ૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

જે કાર્યક્રમ અંતર્ગત દાહોદના છાબ તળાવ ખાતેથી પ્રભારી મંત્રી કુબેરભાઈ ડિંડોર અને જિલ્લા કલેક્ટર



દાહોદ દ્વારા લીલી ઝંડી આપી વિકાસ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી મંત્રીકુબેરભાઈ ડિંડોરે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જન સેવા અને સમર્પણના ૨૪ વર્ષ પૂર્ણ કર્યા છે. આજથી ૨૪ વર્ષ પહેલા તેઓએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતની ધૂરા સંભાળી ગુજરાતને દેશના વિકાસશીલ રાજ્ય માંથી વિકસિત રાજ્ય તરફ લઈ ગયા ગુજરાતનો વિકાસ જોઈ મોદીને નાગરિકોએ દેશનું નેતૃત્વ કરવા ૨૦૧૪માં દેશના વડાપ્રધાન બનાવ્યા. સાથે જ તેમણે કહ્યું કે દાહોદ જિલ્લો આજે પ્રગતિના પંથે ચાલી રહ્યો છે દાહોદ સ્માર્ટ સિટી બન્યું દાહોદમાં અધતન શાળાઓ, લાઈબ્રેરી, રમત ગમત સંકુલ, મેડિકલ કોલેજ, આ વિકાસનું પ્રતીક છે. વડાપ્રધાનનું ૨૦૪૭માં દેશને વિકસિત ભારત બનાવવાનું સ્વપ્ન છે.